# અરવલ્લીના સરડોઈના એકમાત્ર પારદ શિવલીંગનું શ્રાવણમાં અનેરું મહત્ત્વ

## અલૌકિક પારદ શિવલીંગના દર્શનથી શિવભક્તો ધન્ય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦
ભગવાન શિવની આરાધના માટે શ્રેષ્ઠ એવા પવિત્ર શ્રાવણ માસનો આરંભ થયો છે. આ વર્ષે શ્રાવણમાં સોમવારનો શુભ સંયોગ જોવા મળ્યો છે જેમાં આરંભ અને સમાપ્તિ પણ સોમવારથી થાય છે. શ્રાવણના આરંભ સાથે શિવાલયોમાં હરહર મહાદેવનો જયઘોષ ગાજી ઉઠ્યો છે ત્યારે અરવલ્લીના સરડોઈમાં એકમાત્ર પારદ શિવલીંગ શ્રદ્ધાનું કેન્દ્ર બન્યું છે. ગોસ્વામી પરિવારના ઘરે છેલ્લા ૧૭ વર્ષથી પારાનું શિવલીંગ પૂંજાય છે પરંતુ શ્રાવણમાં શિવભક્તો તેના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.



શંકરોતિ ઈતિ શંકરઃ જે કલ્યાણ કરે તે શિવ છે, આદિ-અનાદિકાળથી શિવપૂજા થતી આવી છે. મંદિરોમાં મોટાભાગે સ્વયંભૂ પાશાણના લીંગની અથવા તો સ્થાપિત લીંગની પૂંજા થતી હોય છે પરંતુ જો પારદ લીંગના દર્શન થઈ જાય તો અનંત ગણું ફળ પ્રાપ્ત થતું હોય છે. પારો એટલે કે મરક્યુરીને બાંધવામાં આજનું વિજ્ઞાન નિષ્ફળ રહ્યું છે પરંતુ સિદ્ધ મહાત્માઓ વનસ્પતિની રસાયણ વિદ્યા જાણતા હોવાથી પારામાં વનસ્પતિનો રસ ઉમેરી લીંગ સ્વરૂપ આપતા હોય છે. આ પ્રક્રીયા અત્યંત જટીલ અને ગોપનીય હોવાથી પારદેશ્વર શિવલીંગ જૂજ સંખ્યામાં જોવા મળે છે પરંતુ મોડાસાના સરડોઈ ગામે નિવૃત્ત પોલીસ અધિકારી ગુણવંતગીરી ગોસ્વામીના ઘરે શ્રાવણ માસમાં પારદ શિવલીંગ ભકતોમાં આસ્થાનું કેન્દ્ર બન્યું છે. દુર્લભ એવા અલૌકિક પારદેશ્વર મહાદેવના દર્શન માટે અનેક ભક્તો ઉમટતા હોય છે.

# નેત્રામલી પ્રાથમિક શાળા ખાતે ઈડર તાલુકા શિક્ષક સંઘની કારોબારી સભા યોજાઈ

નેત્રામલી, તા. ૧૦
ઈડર તાલુકાના નેત્રામલી પ્રાથમિક શાળા ખાતે તા.૯-૮-૨૦૨૧ના રોજ ઈડર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી સભા યોજાઈ. સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ગીરીશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી.જેમાં જિલ્લા સંઘના મહામંત્રી રાજુભાઈ, ઉપપ્રમુખ,મીડિયા કન્વીનર ચિરાગભાઈ ,કલ્યાણનિધિના મંત્રી કલ્પેશભાઈ અન્ય તાલુકા પ્રાથમિક સંઘના પ્રમુખ,મંત્રીઓ , ઈડર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના કારોબારી સભ્યો,જૂથમંત્રીઓ તથા સી.આર.સી કો.ઓ હાજર રહયા હતા.



આ કારોબારી સભામાં તા.૨૯-૭-૨૦૨૧ના રોજ માન. ડી.પી.ઈ.ઓ સાહેબ સાથે થયેલ સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની સંકલન સભામાં રજૂ કરેલ શિક્ષકોના વિવિધ પ્રશ્નો જેવા કે શિક્ષક સજ્જતા સર્વેક્ષણ,૯/૨૦/૩૧ ઉ.પ.ધો., સેવાપોથીઓ અદ્યતન કરવાની કામગીરી, વેકેશન કામગીરીની વળતર રજાઓ,જૂની પેન્શન યોજના,શિક્ષક કલ્યાણનિધિ યોજના,૨૦૦૨ અને ૨૦૦૭ના ભરતી થયેલ શિક્ષકોના પ્રશ્નો, પુરવણી બીલો,જી.પી.એફ હિસાબો,જિલ્લા શિક્ષક ભવન નિર્માણ માટે ફાળા તથા ખાનગી અહેવાલ માટેની ચર્ચા કરવામાં આવી.તેમજ માન. ડી.પી.ઈ.ઓ સરે તમામ પ્રશ્નોના ટૂંક સમયમાં નિકાલ કરવાની ખાતરી આપેલ છે તેની માહિતી આપવામાં આવી.સહમંત્રી તરીકે સાવનભાઈ સુતરિયા અને જિલ્લા કારોબારી સભ્યો તરીકે દિલીપભાઈ પટેલ, વિષ્ણુભાઈ સુથાર અને બીપીનભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાંતિલાલ ડી.પટેલ અને અરવિંદભાઈ પરમારે કર્યું હતું.આભારવિધિ જીગ્નેશભાઈ પટેલે કરી હતી.મીડિયા સેલમાંથી મયુરભાઈ પ્રજાપતિએ ફોટોગ્રાફી કરી હતી.

# જન્મદિને વધામણી



શ્રધ્ધા કાન્તિલાલ રાઠી
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



રીયાન અજયભાઈ સોલંકી
ચોઈલા, તા.બાયડ



ભરતકુમાર એલ. પટેલ
(આચાર્ય : ચમારપુર પ્રા.શાળા)
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



વિજય જનકભાઈ પટેલ
(પ્રા. શિક્ષક)
બાયડ(વિદ્યાનગર)

# પ્રાંતિજના નવાપુરા ખાતે ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૧૦
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા ના વિવિધ કામોના ઈ લોકાર્પણ તથા લોકાર્પણ તથા ઈ ખાતમુહૂર્ત મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી ના વરદ હસ્તે રાખવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ નગર પાલિકા ના ઈ



ઈ-ખાતમુહૂર્ત મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી ના વરદ હસ્તે રાખવામા આવ્યુ હતુ જેમા સાંસદ સહિત ધારાસભ્ય ઉપસ્થિત રહીને લોકાર્પણ કર્યુ હતું .

રાજય સરકારના પાંચ વર્ષનો યશસ્વી કાર્યકાળ નિમિત્તે શહેરીજન સુખાકારી દિન ની ઉજવણીના ભાગરૂપે પ્રાંતિજ નગરપાલિકાના વિવિધ કામોના ઈ લોકાર્પણ કામોમા (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજાના હેઠળ નવાપુરા ખાતે ડમ્પીંગ સાઈટે સુવેજ ટ્રીટમેન્ટપ્લાન્ટનુ કામ અંદાજીત રૂપિયા- ૮૨૬.૨૫ લાખ ખર્ચે તૈયાર થયેલ (૨) ૧૪ મુ નાણાપંચ યોજના-૨૦૧૮ -૨૦૧૯ અને ૨૦૧૯-૨૦૨૦ હેઠળ બાલાપીર કબ્રસ્તાન કમ્પાઉન્ડવોલ નુ કામ-રૂપિયા-૯.૪૧ લાખ ના ખર્ચે તૈયાર થયેલ તથા (૩) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રામદેવનગર વણઝારાવાસ ખાતે પાણીની ટાંકી તથા સંપ માટે રૂપિયા-૨૦ લાખ ના તૈયાર થયેલ કામનોનુ ઈ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો તો નવાપુરા ખાતે ૧૫મું નાણાપંચ યોજના-૨૦૨૧ - ૨૦૨૨ હેઠળ નવાપુરા ખાતે તૈયાર થનાર બોરવેલ પાઈપ લાઈન વિજળી કરણ તથા રસ્તા ના કામ અંદાજીત રકમ-રૂપિયા-૩૮લાખ ઈ ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો તો આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ , ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર , કલ્પીતભાઈ દવે , નગર પાલિકા ના પ્રમુખ દિપકભાઈ કડીયા, ચીફ ઓફિસર ઉર્મિલાબેન સુમેસરા, નગરપાલિકાના કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી, દિલિપભાઈ રાવળ , મહેબુબભાઈ બલોચ, શિલ્પાબેન મકવાણા સહિતના નગરપાલિકાના કોર્પોરેટરો સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મા સુવર્ણ એસોસીએશનની રચનાઃ દેવકાંત સોની પ્રમુખ પદે નિયુક્ત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦
ખેડબ્રહ્મા સુવર્ણકાર એસોસીએશનની યોજાયેલી બેઠકમાં



નવી ટીમની રચના કરવામાં આવી છે જેમાં ખેડબ્રહ્માના યુવા અગ્રણી, જાણીતા પત્રકાર દેવકાંત અમૃતલાલ સોનીની પ્રમુખ તરીકે સર્વાનુમતે નિયુક્તિ કરાઈ છે.

છેલ્લા કેટલાય સમયથી સુવર્ણકારો અનેક સમસ્યાઓથી ઘેરાયેલા છે. દોઢ વર્ષ અગાઉ સરકારની નીતિ સામે લાંબા સમય સુધી ઝવેરીઓએ ધંધા-રોજગાર બંધ રાખી વિરોધ પ્રગટ કર્યો હતો. સુવર્ણકારોને આજે પણ તંત્ર દ્વારા અનેક પ્રકારની ખોટી રીતે હેરાનગતિ થતી હોય છે જેના કારણે મોટાભાગના વિસ્તારોમાં સુવર્ણકાર એસોસીએશનની રચના થઈ છે. ખેડબ્રહ્મા સુવર્ણ એસોસીએશનની તાજેતરમાં સોની સમાજવાડીમાં બેઠક યોજાઈ જેમાં પ્રમુખ દેવકાંત સોની, ઉપપ્રમુખ પુષ્પરાજ સમર્થમલ સોની, મંત્રી પ્રવિણ શાંતિલાલ સોની, સહમંત્રી જીતેન્દ્ર પ્રકાશજી સોની, ખજાનચી ભરત મહેન્દ્રભાઈ સોનીની વરણી કરવામાં આવી હતી.

# બહેડજ પાટીયા પાસે પશુઓને કતલખાને લઈ જતું ડાલુ ઝડપાયું

## ૪ પશુઓને બચાવી લેવાયાં, રાણાસૈયદના શખ્સની અટકાયત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦
મેઘરજ તાલુકાના બહેડજ પાટીયા પાસે પોલીસે નાકાબંધી ગોઠવી કતલખાને લઈ જવાતા ૪ મૂંગા પશુઓ સાથે ડાલુ ઝડપી મોડાસાના રાણાસૈયદના અનવર મૌલા મુલતાણીની અટકાયત કરી છે. પોલીસે પશુ તેમજ ડાલુજીપ મળી કુલ રૂા.૪,૩૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત લીધો છે. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોના માર્ગો ઉપર ગેરકાયદે પશુઓની હેરાફેરી શરૂ થઈ છે જેથી પોલીસે હવે નાકાબંધી સઘન બનાવતાં કસાઈઓએ રસ્તા બદલ્યાની આશંકા છે.

પશુ તસ્કરી અને ગેરકાયદેસર ગૌવંશ મુદ્દે ઉત્તર ગુજરાતમાં કુખ્યાત બનેલા મોડાસાના રાણાસૈયદના ચોક્કસ ઈસમો કાયમી મૂંગા પશુઓને કતલખાનાઓમાં ધકેલવા માટે સક્રીય રહ્યા છે. મોટાભાગના પશુ તસ્કરીના બનાવોમાં તપાસ શરૂ થાય એટલે તેના તાર મુલતાણી બંધુઓ સુધી પહોંચતા હોય છે. તા.૯ના રોજ મેઘરજ પોલીસની ટીમ બહેડજ પાસે નાકાબંધીમાં ઉભી હતી જે સમયે મોડાસાના રાણાસૈયદનો ઈસમ ડાલુજીપમાં ક્રૂરતાપૂર્વક ૪ પશુઓ બાંધીને પસાર થતો જોવા મળ્યો. પોલીસે ડાલુ અટકાવી તલાશી લેતાં અંદરથી દોરડા વડે ક્રૂરતાપૂર્વક બાંધેલા ૪ પશુ મળી આવ્યાં હતાં અને પ્રથમ રીતે જ તમામ પશુ ગેરકાયદેસર રીતે કતલખાનામાં લઈ જવાતાં હોવાનું જણાતાં અટકાયત કરી અનવર મુલતાણીને લૉકઅપમાં ધકેલ્યો છે. બનાવ અંગે અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ રમેશભાઈ કાન્તિભાઈની ફરિયાદના આધારે મેઘરજ પોલીસે પશુ ક્રૂરતા ધારા હેઠળ ગુનો નોંધ્યો છે.

# પાલનપુરમાં દેવી પૂજક સમાજ દ્વારા દિવાસાના દિવસે મૃતક સ્વજનોને શ્રદ્ધાંજલિ અપાઈ

## રક્તદાન કેમ્પ યોજી ૫૦ બોટલો એકત્ર કરાઇ

પાલનપુર, તા. ૧૦
પાલનપુરમાં દિવાસાના દિવસે દેવી પૂજક સમાજ દ્વારા તેમના સ્મશાનમાં જઈ સ્વર્ગસ્થ સ્વજનોને યાદ કરી શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી. જ્યાં મોટી સંખ્યામાં દેવી પૂજક સમાજના આગેવાનો તેમજ યુવાનો હાજર રહ્યા હતા. દરમિયાન યોજાયેલા રકતદાન કેમ્પમાં ૫૦ બોટલ એકત્ર કરવામાં આવી હતી. દિવાસાના દિવસે દેવી પૂજક



સમાજના લોકો પોતાના વતન આવી પોતાના મૃતક પરીવારને શ્રધ્ધાંજલી આપતા હોય છે.

જ્યાં પાલનપુર ખાતે દર વર્ષની જેમ ચાલુ વર્ષે દેવી પૂજક સમાજ દ્વારા દિવાસાના દિવસે મૃતક સ્વજનોને યાદ કરી શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી. જેમણે મૃતક સ્વજનોની સમાધી ઉપર ફુલો ચડાવી પૂજા અર્ચના કરી હતી. તેમની યાદમાં આંખોમાં આંસુના તોરણ બંધાયા હતા. દરમિયાન પાલનપુર ખાતે દિવાસાના દિવસે દેવી પૂજક સમાજ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં ભૂમી બ્લડ બેંકમાં ૫૦ ઉપરાંતની બ્લડની બોટલો એકત્ર કરવામાં આવી હતી.



ઘરમાં રહો,
સુરક્ષિત રહો

# મગરવાડા અને વાવ મુકામે ગુજરાત બેંક અને બનાસ બેંક દ્વારા ગ્રાહક સેમિનાર યોજાયા

પાલનપુર, તા. ૧૦
ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક અમદાવાદ અને બનાસબેંકના





સંયુક્ત ઉપક્રમે વડગામ તાલુકાના મગરવાડા તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વાવ ખાતે તાલુકાકક્ષાના ગ્રાહક સેમિનાર યોજાયા હતા. બેંકની અદ્યતન ટેકનીકલ સુવિધાઓ, ધિરાણ યોજનાઓ, વિમા યોજનાઓ અને ગ્રાહકલક્ષી નવીન પ્રોડક્ટની સાથે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ હતું.

વાવ એપીએમસી ખાતે વાવ તાલુકાના ગ્રાહક સેમિનારમાં જિલ્લા ભાજપના પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ, બનાસબેંકના ડિરેક્ટર માવજીભાઈ પટેલ, બનાસડેરીના ડિરેક્ટર રાયમલભાઈ પટેલ, એપીએમસી વાવના ચેરમેન રૂપસીભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ વિહાજી રાજપૂત, તાલુકા ભાજપ પ્રમુખ વિરજીભાઈ પટેલ, નિવૃત્ત સી.ડી.એચ.ઓ. ડૉ. અરૂણભાઈ આચાર્ય, ખેતીવાડી અધિકારી રામજીભાઈ દેસાઈ, તાલુકા ભાજપ મહામંત્રી રામસંગભાઈ રાજપૂત અને ભુરાભાઈ જોષી, તાલુકા સંઘના ચેરમેન વાઘજીભાઈ ચૌધરી, નાગજીભાઈ પટેલ, ધનજીભાઈ ગોહિલ, નાગજીભાઈ રબારી, ભગવાનભાઈ વ્યાસ, જગતસિંહ દરબાર, ભોજાભાઈ રાજપૂત, સેંધાભાઈ પ્રજાપતિ સહિત દૂધ/સેવા મંડળઈના ચેરમેન-મંત્રીઓ, બનાસબેંક-ગુજરાત બેંકના અધિકારીઓ અને બેંકના ગ્રાહકો ઉપસ્થિત રહ્યા હતા.

વડગામ તાલુકાના મગરવાડા ખાતે યોજાયેલ ગ્રાહક સેમિનારમાં બનાસબેંક ડિરેક્ટર કેશભાઈ વાયડા, બનાસડેરીના ડિરેક્ટર દિનેશભાઈ ભટોળ, એપીએમસી વડગામના ચેરમેન કેશરભાઈ તથા ડિરેક્ટર લક્ષ્મણભાઈ રાઠોડ, ગુજરાત બેંક અને બનાસબેંકના અધિકારીઓ, દૂધ/સેવા મંડળીઓના ચેરમેન-મંત્રીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર પશ્ચિમ પો.સ્ટે ખાતે ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે ચોરોને પકડી પડાયા

પાલનપુર, તા. ૧૦
બનાસકાંઠા પાલનપુરના પોલીસ અધિક્ષક તરૂણ દુગ્ગલ તથા ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક આર.કે પટેલ પાલનપુર વિભાગ પાલનપુરએ વાહન ચોરીના અનડીટેકટ ગુના શોધી કાઢવા તથા ગુનાઓ બનતા અટકાવવા અંગે આપેલ સુચના અન્વયે પો.ઈન્સ. એસ.એ.ડાભી ના માર્ગદર્શન હેઠળ અ.હે.કો. ચંદ્રકુમાર બાબુલાલ બ.નં. ૯૦૯ તથા અ.હે.કો હરેશદાન શીવદાન બ.નં.૧૭૩૧ તથા અ.પો.કો. યોગેશદાન વિજયદાન બ.નં. ૧૦૪૧ તથા અ.પો.કો. પ્રકાશકુમાર પરથીભાઈ બ.નં.૨૦૭૬ તથા અપો.કો. સતદેવસિંહ બલવંતદાન બ.નં. ૨૦૮૮ તથા વુ.પો.કો. ભાગ્યલક્ષ્મીબા ભવાનીસિંહ બ.નં. ૨૦૮૧ વિગેરે પોલીસ સ્ટાફના માણસો પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટે. વિસ્તારમા મિલ્કત સંબધી ગુના અટકાવવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત આધારે ઉપરોક્ત ગુનામા ચોરાયેલ લોખંડની ૪૩ એન્ગલ કુલ કિ રૂ.૭૦,૦૦૦/-નો મુદ્દામાલ તથા આ કામના તહોદાર (૧) અમરસિંગ સન/ઓફ બંગાલીભાઈ જાતે-ડાભી તથા (૨) અશોકભાઈ સન ઓફ પોપટભાઈ જાતે- ડાભી (બાવરી) બન્ને રહે- તારાનગર બાવરી ડેરા પાલનપુર નાઓને પકડી પાડી ચોરીમા ગયેલ તમામ મુદ્દામાલ કબ્જે કરેલ છે.

# ડીસામાં ગેરકાયદેસર ચાલતી માંસ મટનની દુકાનો અને કતલખાનાં બંધ કરાવવા નોટિસ

## જીવદયાપ્રેમીઓએ આવેદનપત્ર આપ્યાની ગણતરીના સમયમાં જ નગરપાલિકાની કાર્યવાહી

ડીસા, તા. ૧૦
ડીસા શહેરમાં ગેરકાયદેસર ચાલતાં કતલખાના તેમજ ઠેરઠેર ઊભી થયેલી માંસ મટન ની દુકાનો બંધ કરાવવા આજે શહેરના જીવદયાપ્રેમીઓએ આવેદનપત્ર આપ્યા ના ગણતરીના સમય બાદ જ નગરપાલિકા દ્વારા ગેરકાયદેસર માંસ મટન ની દુકાન અને કતલખાનાઓ ને નોટિસો પાઠવી હતી. ડીસા શહેરના ગવાડી,અખર,તીનબત્તી, પાટણ હાઈવે, રાજપુર અને મીરા મહોલ્લા વિસ્તારમાં ગેરકાયદેસર રીતે માંસ મટન ની દુકાનો ધમધમી રહી છે. આ ઉપરાંત ડીસા શહેરમાં ગેરકાયદેસર રીતે કતલખાનાઓ પણ ચાલી રહ્યા છે. એક પણ દુકાન કે કતલખાના દ્વારા નગરપાલિકા ની કોઈપણ સરકારી વિભાગની મંજૂરી લેવામાં આવી નથી. જે બંધ કરાવવા અગાઉ કોર્ટે આદેશ કરેલા છે તેમ છતાં માંસ અને મટનની આ ગેરકાયદેસર દુકાનો સદાય ધમધમતી રહે છે. ગેરકાયદેસર ચાલતી આ પ્રવૃત્તિને કારણે કોઈ ધારાધોરણ જળવાતું ન હોય બીમાર અને રોગિષ્ઠ પશુઓનું માંસ પણ વેચવામાં આવે છે. જ્યારે પશુઓના શરીરના વધારાના અંગો જાહેરમાં ફેંકવામાં આવતા હોવાના કારણે રોગચાળાનો પણ ભય રહે છે. આ ઉપરાંત માંસ મટન ની દુકાન જાહેર રોડ પર રાખી લોકોની લાગણી દુભાવવાનો પણ પ્રયાસ થઈ રહ્યો છે. જેથી આજે શહેરના જીવદયા પ્રેમી અને ધર્મપ્રેમી સંગઠનો દ્વારા માંસ મટન ની દુકાન બંધ કરાવવા ડીસાના નાયબ કલેકટર,ડીસા ડીવાયએસપી, મામલતદાર,ચીફ ઓફિસર તેમજ પોલીસ મથકે આવેદનપત્ર આપી આ પ્રવૃત્તિ તાત્કાલિક બંધ કરાવવા જણાવ્યું હતું. આ અંગે ડીસાના જાણીતા વકીલ અને જીવદયા પ્રેમી ધર્મેન્દ્રભાઈ જણાવ્યું હતું કે ડીસા શહેરમાં એક પણ કતલખાનું કે મટન ની દુકાન પાસે લાઈસન્સ નથી. કોર્ટે અગાઉ પણ તેમને બંધ કરવાનો આદેશ કરેલો જ છે.જેથી આ પ્રવૃત્તિ સદંતર બંધ થવી જોઈએ. આવેદન પત્ર આપવાને પગલે ડીસા નગરપાલિકા દ્વારા આવેદનપત્ર મળ્યાના ગણતરીના સમયમાં જ તમામ દુકાનો અને ગેરકાયદેસર કતલખાના બંધ કરાવવા નોટિસો પાઠવવા નું શરૂ કરાયું હતું. આ અંગે ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવીએ જણાવ્યું હતું કે ડીસા શહેરમાં માસ મટન ની એક પણ દુકાન કે કતલખાના નું રજીસ્ટ્રેશન થયેલું ન હોય તમામ ગેરકાયદેસર છે. અગાઉ પણ નોટિસો બંધ કરવા આપેલી છે તેમજ આજે પણ આ તમામ પ્રવૃત્તિ કાયમી ધોરણે બંધ કરવા નગરપાલિકા દ્વારા નોટિસ પાઠવવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

### કેટલાક વેપારીઓએ નોટિસ લેવાનો ઈનકાર કર્યો

ડીસામાં ગેરકાયદેસર ચાલતાં કતલખાના અને માંસની દુકાનોને નગરપાલિકાએ તાત્કાલિક ધોરણે બંધ કરવાની નોટિસ આપવાની કાર્યવાહી હાથ ધરી હતી. ચીફ ઓફિસરના જણાવ્યા મુજબ શહેરમાં લગભગ ૨૫થી વધુ દુકાનો માસ મટન ની ચાલી રહી છે જ્યારે કેટલાક કતલખાના ગવાડી વિસ્તારમાં ચાલી રહ્યા છે. જે જેમને બંધ કરવા નોટિસ આપવા જતા કેટલાક વેપારીઓએ નોટિસ લેવાનો ઈનકાર કરતા ડીસા શહેર દક્ષિણ પોલીસને જાણકરી પોલીસને સાથે રાખી નોટિસ આપવાની કાર્યવાહી કરાશે.

# ધનસુરા કોલેજમાં એન.એસ.એસ.ના ઉપક્રમે સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ એન.એસ.એસ.ના ઉપક્રમે સ્વચ્છતા પખવાડિયા ઉજવણી અનુસંધાને એન.એસ.એસ. સમિતિના અધ્યાપકો અને સ્વયંસેવકો સ્વચ્છતા કાર્યક્રમમાં જોડાઈ સફાઈ કરી હતી તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ એન.એસ.એસ.ના ઉપક્રમે સ્વચ્છતા પખવાડિયા ઉજવણી



અનુસંધાને એન.એસ.એસ. સમિતિના અધ્યાપકો અને સ્વયંસેવકો સ્વચ્છતા કાર્યક્રમમાં જોડાઈ સફાઈ કરી હતી .

# પાલનપુરમાં પતંગ લૂંટવા બાબતે મર્ડર કરનાર આરોપીઓને આજીવન કેદ

પાલનપુર, તા. ૧૦
પાલનપુરમાંસને- ૨૦૧૮માંપતંગ લૂંટવા બાબતે થયેલી નજીવી તકરારની અદાવત રાખીને એક યુવકને છાતીના ભાગે છરીના ઘા મારી આરોપીઓ ભાગી ગયા હતા. જે કેસમાં પાલનપુર ની સેસન્સ કોર્ટે ત્રણ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુરમાં ગત તારીખ ૧૪-૦૧-૨૦૧૮ ના રોજ ફરિયાદી રાધાબેનના દિકરા જબ્બર ભાઈ બાવરીને આરોપીઓ સાથે પતંગ લૂંટવા બાબતે તકરાર થઈ હતી. જેની અદાવત રાખીને ચાર આરોપીઓએ જબ્બર બાવરીને પકડી રાખી મુખ્ય આરોપી કાંતિભાઈ બાવરીએ છાતીના ભાગે છરીના ઘા મારી નાસી ગયા હતા. જે બનાવ અંગે ફરિયાદી રાધાબેને પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુના રજીસ્ટર નંબર ૧૨/૨૦૧૮ મુજબ ફરિયાદ નોંધાવી હતી. જે અંગે નો સેસન્સ કેસ નં. ૨૮/૧૮ નામદાર મુખ્ય સેશન્સ જજ વી.બી.ગોહીલની કોર્ટમાં ચાલી જતા મુખ્ય સરકારી વકીલ સી.જી.રાજપૂતની દલીલોને ગ્રાહ્ય રાખી ત્રણ આરોપીઓમાં (૧) અમરસિંગ અર્જુનભાઈ ડાભી(બાવરી) (૨)કાંતિભાઈ અર્જુનભાઈ ડાભી (બાવરી) અને (૩)રણજીત અર્જુન ભાઈ ડાભી (બાવરી) ને ઈપીકો કલમ ૩૦૨ તથા ૧૪૭ તથા ૧૪૯માં આરોપી ઓને ગુનામાં તકસીરવાન ઠેરવી પ્રત્યેક આરોપીને કલમ ૩૦૨ ના ગુનામાં આજીવન કેદની સજા તથા રૂપિયા ૧,૦૦૦ નો દંડ અને દંડ ન ભરે તો એક માસની સજા કરેલ છે. અને કલમ ૧૪૭ મુજબના ગુનાના કામે બે વર્ષની સખત કેદની સજા તથા રૂ.૬,૦૦૦નો દંડ કરવાનો હુકમ કરેલ હોવાનું સરકારી વકીલ સી.જી.રાજપુતે જણાવ્યું હતું.

# પાલનપુર તાલુકાના હાથીદ્રા ગામે જમીન હડપ કરનાર ત્રણ વ્યક્તિ સામે ફરિયાદ

પાલનપુર, તા. ૧૦
પાલનપુર તાલુકાના છાપરા ગામે રહેતા રેશમાભાઈ ઉર્ફે રમેશભાઈ પીસરાની હાથીદ્રા ગામની સીમમાં આવેલ ખાતા નંબર ૪૪૦ સર્વે નંબર ૧૬૭ (રીસર્વે પહેલા નો.સ.નં ૨૫૧)ની હેક્ટર ૧/૭૯/૫૪ ચો.મી વાળી જમીનમાં છેલ્લા બાર માસથી હાથીદ્રાના તેજાભાઈ ,મંછાભાઈ અને નાનાભાઈએ ગેરકાયદેસર કબજો કરી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ ૨૦૨૦ની ક.૪ (૩),૫(સી) તથા ઈ.પી.કો.ક ૪૪૭,૩૪ મુજબ રેશમાભાઈએ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.